Extra No. 217

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI] WEDNESDAY, SEPTEMBER 30, 2020 /ASVINA 8, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦

**તારીખઃ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦**ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૨૦**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંકઃ ૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 6 OF 2020.**

## THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) ACT, 2020.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**કે. એમ. લાલા,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 6 OF 2020.**

**AN ACT**

further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.

**સન ૨૦૨૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૬.**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

### ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) આ કલમ, કલમ ૧૨ અને કલમ ૧૬ સન ૨૦૨૦ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી હોવાનું ગણાશે; કલમો ૨, ૧૧, ૧૩ અને ૧૪ સિવાયની, બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

**સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.** **૨.** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (૧૧૪)માં, પેટા-ખંડો (ગ) અને (ઘ)ને બદલે, નીચેના પેટા-ખંડો મૂકવા અને તે સન ૨૦૨૦ના જૂન મહિનાની ૩૦મી તારીખથી મૂક્યા હોવાનું ગણાશે:- **સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.**

"(ગ) દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ;

(ઘ) લદ્દાખ;".

સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૨)માં, ખંડો (ખ), (ગ) અને (ઘ)માં, "માલનોં" એ શબ્દ પછી, "અથવા સેવાઓનો" એ શબ્દો દાખલ કરવા.

સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૬-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૪)માં, "આવા ઉધારપત્રને લગતું ભરતિયું" એ શબ્દોને બદલે, "ઉધારપત્ર" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨૯નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ગ) વેરાપાત્ર વ્યક્તિ, હવે કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર ન હોય અથવા કલમ ૨૫-ની પેટા-કલમ (૩) હેઠળ, સ્વેચ્છિક રીતે કરેલા રજિસ્ટ્રેશનમાંથી બહાર નીકળવાનો ઈરાદો રાખતી હોય.".

સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૦નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦માં, પેટા-કલમ (૧)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

"પરંતુ આવી મુદત, પૂરતું કારણ દર્શાવીને અને લેખિતમાં કારણોની નોંધ કરીને,-

ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી મુદત માટે, નાયબ કમિશનર દ્વારા;

ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતથી વધુ, ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, સંયુક્ત કમિશનર દ્વારા,

લંબાવી શકાશે.".

સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૧નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧માં, પેટા-કલમ (૨)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

"પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોના આધારે, જાહેરનામાથી,-

(ક) જેના સંબંધમાં, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે વેરા ભરતિયું કાઢી આપવું જોઈશે તેવી સેવાઓ અથવા પુરવઠાના વર્ગો નિર્દિષ્ટ કરી શકશે;

(ખ) તેમાં જણાવેલી શરતને અધીન રહીને, જેના સંબંધમાં,-

(૧) પુરવઠાના સંબંધમાં કાઢી આપવામાં આવેલો અન્ય કોઈ દસ્તાવેજ, વેરા ભરતિયું હોવાનું ગણાશે; અથવા

(૨) વેરા ભરતિયું કાઢી આપી શકાશે નહિ,

– તેવી સેવાઓના વર્ગો નિર્દિષ્ટ કરી શકશે.".

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૧માં,- સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૫૧નો સુધારો.

(ક) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) મૂળ સ્થાને વેરા કપાતનું પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે કાઢી આપવું જોઇશે.";

(ખ) પેટા-કલમ (૪) કમી કરવી.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૨-માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૨-નો સુધારો.

"(૧ક) પેટા-કલમ (૧)ના ખંડ (૧), (૨), (૭) અથવા ખંડ (૯) હેઠળ આવરી લેવામાં આવેલા વ્યવહારનો લાભ મેળવતી હોય અને જેની વિનંતી પર આવો વ્યવહાર કરવામાં આવ્યો હોય તેવી કોઇ વ્યક્તિ, ટાળવામાં આવેલા વેરા અથવા લીધેલી અથવા આગળ લઇ જવામાં આવેલી ઇનપુટ વેરા શાખને સમકક્ષ રકમનો દંડ ચૂકવવાને જવાબદાર રહેશે.".

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૨-માં, પેટા-કલમ (૧)માં,- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૨-નો સુધારો.

(૧) "જે કોઇ વ્યક્તિ, નીચેના ગુના પૈકીનો કોઇ ગુના કરે" એ શબ્દોને બદલે, "જે કોઇ વ્યક્તિ, નીચેના પૈકીનો કોઇ ગુનો કરે અથવા કરાવડાવે અને તેમાંથી ઊભા થતા લાભો મેળવે" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ગ) ખંડ (ખ)માં ઉલ્લેખેલું ભરતિયું અથવા બિલ વાપરીને, ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે અથવા કોઇ ભરતિયા અથવા બિલ વગર છળકપટપૂર્વક ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે;";

(૩) ખંડ (ચ)માં, "વેરો ચૂકવવાનું ટાળે અથવા છળકપટપૂર્વક ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે" એ શબ્દોને બદલે, "વેરો ચૂકવવાનું ટાળે" એ શબ્દો મૂકવા.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૦માં,- સન ૨૦૧૭ ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૦નો સુધારો.

(ક) પેટા-કલમ (૧)માં, "ઠરાવવામાં આવે" એ શબ્દો પછી, "તેટલા સમયની અંદર અને" એ શબ્દો દાખલ કરવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે દાખલ કર્યા હોવાનું ગણાશે;

(ખ) પેટા-કલમ (૨)માં, "ઠરાવવામાં આવે" એ શબ્દો પછી, "તેટલા સમયની અંદર અને" એ શબ્દો દાખલ કરવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે દાખલ કર્યા હોવાનું ગણાશે;

(ગ) પેટા-કલમ (૩)માં, "નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થા (સ્ટોક)માં ધરાવેલી ઉત્પાદક સામગ્રી (ઇનપુટ) અને અમુક અંશે તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં" એ શબ્દોને બદલે, "નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે,

ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે જથ્થા (સ્ટોક)માં રહેલી ઉત્પાદક સામગ્રી (ઇનપુટ) અને જથ્થા (સ્ટોક)માં રહેલા અમુક અંશે તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં" એ શબ્દો મૂકવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે મૂક્યા હોવાનું ગણાશે;

(ઘ) પેટા-કલમ (૫)માં, "વિદ્યમાન કાયદા હેઠળ" એ શબ્દોને બદલે, "વિદ્યમાન કાયદા હેઠળ, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે" એ શબ્દો મૂકવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે મૂક્યા હોવાનું ગણાશે;

(ચ) પેટા-કલમ (૬)માં, "નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થામાં ધરાવેલી ઇનપુટ અને જથ્થામાં ધરાવેલા અર્ધ તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં" એ શબ્દોને બદલે, "નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે જથ્થા (સ્ટોક)માં રહેલી ઉત્પાદક સામગ્રી (ઇનપુટ) અને જથ્થા (સ્ટોક)માં રહેલા અમુક અંશે તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં" એ શબ્દો મૂકવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે મૂક્યા હોવાનું ગણાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમમાં નવી કલમ ૧૬૮ક દાખલ કરવા બાબત.

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬૮ પછી, નવી કલમ દાખલ કરવી:-

ખાસ સંજોગોમાં સમયમર્યાદા લંબાવવાની સરકારની સત્તા.

"**૧૬૮-ક.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, કુદરતી આપત્તિને લીધે, જેને પૂર્ણ કરી ન શકાય અથવા જેનું પાલન કરી ન શકાય તેવા પગલાંના સંબંધમાં, આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલી અથવા તે હેઠળ ઠરાવેલી અથવા જાહેર કરેલી સમયમર્યાદા લંબાવી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવાની સત્તામાં, આ અધિનિયમના આરંભની તારીખથી વહેલું નહિ તે તારીખથી આવા જાહેરનામાને પશ્ચાદવર્તી અસર આપવાની સત્તાનો સમાવેશ થશે.

**સ્પષ્ટીકરણ.**- આ કલમના હેતુઓ માટે, "કુદરતી આપત્તિ" એ શબ્દપ્રયોગ એટલે યુદ્ધ, વ્યાપક રોગચાળો, પૂર, અનાવૃષ્ટિ, આગ, વાવાઝોડું, ધરતીકંપની કોઇ ઘટનાની બાબત અથવા કુદરત દ્વારા ઊભી થયેલી અથવા અન્યથા આ અધિનિયમની કોઇ જોગવાઇઓના અમલીકરણને અસર કરતી બીજી કોઇ આપત્તિ.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૭૨નો સુધારો.

**૧૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭૨-માં, પેટા-કલમ (૧)માં, પરંતુકમાં, "ત્રણ વર્ષ" એ શબ્દોને બદલે, "પાંચ વર્ષ" એ શબ્દો મૂકવા અને તે સન ૨૦૨૦ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવે તે રીતે મૂક્યા હોવાનું ગણાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

**૧૪.** મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨-માં, પરિચ્છેદ ૪માં, ખંડ (ક) અને (ખ) એમ બે જગ્યાએ આવતા "કોઇ અવેજ સાથે અથવા અવેજ વિના" એ શબ્દો કમી કરવા અને તે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે કમી કર્યા હોવાનું ગણાશે.

સન ૨૦૧૭ની ગુજરાતનો ૨૫-મો. **૧૫.** (૧) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૯ની પેટા–કલમ (૧) હેઠળ મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, ગુજરાત સરકારે બહાર પાડેલા, નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન,૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૩૧)જીએસટી–૨૦૧૭/એસ.૯ (૧) (૧)–ઠ, જાહેરનામા ક્રમાંક. ૧/૨૦૧૭–રાજ્ય વેરા(દર)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,– **ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૯ની પેટા–કલમ (૧) હેઠળ બહાર પાડેલા જાહેરનામા ક્રમાંક. ૧/૨૦૧૭–રાજ્ય વેરા(દર)નો પશ્ચાદવર્તી સુધારો.**

(૧) સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી શરૂ થતી અને સન ૨૦૧૯ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે (બન્ને દિવસ સહિત)ની પૂરી થતી મુદત દરમિયાન, (શીર્ષક ૨૩૦૧ હેઠળ આવતા) માછલીના ખોરાકના પુરવઠાના સંબંધમાં કોઈપણ રાજ્ય વેરો લેવો અથવા વસૂલ કરવો જોઈશે નહિ;

(૨) સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી શરૂ થતી અને સન ૨૦૧૮ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે (બન્ને દિવસ સહિત)ની પૂરી થતી મુદત દરમિયાન, પુલી, વ્હીલ્સ અને (શીર્ષક ૮૪૮૩ હેઠળ આવતા) અન્ય ભાગો અને (શીર્ષક ૮૪૩૨, ૮૪૩૩ અને ૮૪૩૬ હેઠળ આવતા) કૃષિવિષયક યંત્રસામગ્રીના ભાગ તરીકે ઉપયોગ થતાં પુરવઠાના સંબંધમાં છ ટકાના દરે રાજ્ય વેરો લેવો અથવા વસૂલ કરવો જોઈશે.

(૨) વસૂલ કરવામાં આવેલા આવા તમામ વેરાનું કોઈપણ રિફંડ કરવું જોઈશે નહિ, પણ તમામ મહત્વના સમયે પેટા–કલમ (૧) અમલમાં હોત, તો તે (વેરો) આવી રીતે વસૂલ કરવામાં આવ્યો ન હોત.

સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ૨–જો. **૧૬.** (૧) ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ, ૨૦૨૦ આથી રદ કરવામાં આવે છે. **રદ કરવા બાબત અને અપવાદ.**

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, સદરહુ વટહુકમ દ્વારા સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.